# ✻ 10. अन्योक्तयः ✻

[**પ્રસ્તાવના :** સંસ્કૃતભાષા અને સાહિત્યમાં અલંકારોનું આગવું સ્થાન છે. આ કારણથી સંસ્કૃતજગતમાં સાહિત્યશાસ્ત્રને અલંકારશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે. અલંકારોની સંખ્યા ઘણી મોટી છે, પણ તેમાં અપ્રસ્તુતપ્રશંસા એક વિશિષ્ટ અલંકાર તરીકે પ્રસિદ્ધિ પામેલો છે. તે એટલા સુધી કે જો કોઈ વ્યક્તિ પોતાની જાતને સંસ્કૃત કવિ તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ઈચ્છતી હોય, તો તેણે પોતાના કાવ્યમાં અપ્રસ્તુતપ્રશંસા અલંકારનો સમુચિત પ્રમાણમાં પ્રયોગ કરવો પડે. આમ, સંસ્કૃત કાવ્યસૃષ્ટિમાં આ અપ્રસ્તુતપ્રશંસા અલંકાર કવિની વિશિષ્ટ પ્રતિભાની ઓળખ જેવો બની રહ્યો છે. આ અપ્રસ્તુતપ્રશંસાને અન્યોક્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે. એનું કારણ એ છે કે અહીં જે વસ્તુનું વર્ણન હોય, તેને બહાનું બનાવીને કોઈ અન્ય જ વસ્તુનું વર્ણન કરવાનું લક્ષ્ય રહેલું હોય છે.

આ પાઠમાં સંસ્કૃતસાહિત્યના વિવિધ ગ્રંથોમાંથી પસંદ કરીને છ પદ્યો મૂકવામાં આવ્યાં છે. આ બધાં પદ્યોમાં અન્યોક્તિ છે. પ્રથમ પદ્યમાં શેષનાગને બહાને માણસને વધારે પડતી ભૌતિક સુવિધાઓ ન ભોગવવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. દ્વિતીય પદ્યમાં કર્ણની પ્રશંસા છે, પણ તે લાગુ પડે છે બધા જ દાતાજનોને. તૃતીય પદ્યમાં વાત વૃક્ષની છે. તે પરોપકાર કરનારી દરેક વ્યક્તિને વિશિષ્ટ સંદેશ આપે છે. ચતુર્થ અને પંચમ પદ્યના વિષયવસ્તુમાં ક્રમશઃ જળ અને કમળ કેન્દ્રમાં છે. પણ વિચારતાં તેમને દરેક માણસની સાથે મૂકી શકાય છે. છેલ્લું પદ્ય કૂતરાનું અને હાથીનું વર્ણન કરે છે. પણ, તેમાં બે પ્રકારના માણસોની પ્રવૃત્તિ આલેખી છે અને સ્વમાન સર્વોપરિ છે, એવો સંદેશ આપવામાં આવ્યો છે.

અપ્રસ્તુતને સમજવા માટે સામાજિક વ્યવસ્થા, લોકાચાર, રૂઢિ, શ્લેષ, વિરોધ વગેરે આવશ્યક હોઈને કવિને માટે અને વાચકને માટે થોડો પડકાર સામે આવે છે, પણ તે સરસ રીતે સમજાય તો વાચકને અનેરો આનંદ પણ આપે છે.]

---

यति ते नाग शीर्षाणि तति ते नाग वेदनाः ।
न सन्ति नाग शीर्षाणि न सन्ति नाग वेदनाः ॥ 1 ॥

एकः कर्णमहीपतिः प्रतिदिनं लक्षाधिका याचकाः
कस्मै किं वितरिष्यतीति मनसा चिन्तां वृथा मा कृथाः ।
आस्ते किं प्रतियाचकं सुरतरुः प्रत्यम्बुजं किं रविः
चन्द्रः किं प्रतिकैरवं प्रतिलतागुल्मं किमम्भोधरः ॥ 2 ॥

अध्वन्यध्वनि तरवः पथि पथि पथिकैः उपास्यते छाया ।
धन्याः स कोऽपि विटपी यमध्वगो गृहगतः स्मरति ॥ 3 ॥

शैत्यं नाम गुणः तवास्ति सहजः स्वाभाविकी स्वच्छता
किं ब्रूमः शुचितां भवन्ति शुचयः स्पर्शेण यस्यापरे ।
किं वातः परमुच्यते स्तुतिपदं यज्जीवनं देहिनाम्
त्वं चेन्नीचपथेन गच्छसि पयः कस्त्वां निरोद्धुं क्षमः ॥ 4 ॥

निरर्थकं जन्म गतं नलिन्याः यया न दृष्टं तुहिनांशुबिम्बम्।
उत्पत्तिरिन्दोरपि निष्फलैव दृष्टा प्रफुल्ला नलिनी न येन ॥ 5 ॥

लाङ्गूलचालनम् अधः चरणावपातम्
भूमौ निपत्य वदनोदरदर्शनं च।
श्वा पिण्डदस्य कुरुते गजपुङ्गवस्तु
धीरं विलोकयति चाटुशतैश्च भुङ्क्ते ॥ 6 ॥

## ટિપ્પણી

**1. यति** (અ.) જેટલાં **ते ( तव - ते, युष्मद् ष.ए.व.** વૈકલ્પિક રૂપ **)** તારાં **नाग ( नाग सं.ए.व. )** હે નાગ **शीर्षाणि** મસ્તકો **तति** (અ.) તેટલી **वेदनाः** પીડાઓ.

**2. कर्णमहीपतिः ( कर्णः चासौ महीपतिः - कर्म. )** રાજા કર્ણ **लक्षाधिकाः** લાખથી પણ વધારે (લાખોની સંખ્યામાં, અસંખ્ય કે અનેક) **वितरिष्यति इति** વિતરણ કરશે, એમ **मनसा ( मनस् नपु. तृ.ए.व. )** મનથી **वृथा** નકામી, વ્યર્થ **मा कृथाः ( अकृथाः - कृ अ.भू. म. ए.व.,** અહીં **मा** શબ્દનો પ્રયોગ હોઈ **अकृथाः**ને બદલે **कृथाः** પ્રયોગ થયો છે. **)** કારણ વગર ખોટી ચિંતા કરીશ નહિ. **आस्ते ( अस् व. अ. ए.व. )** હોય છે **किम्** શું **प्रतियाचकम्** પ્રત્યેક ભિક્ષુક માટે, દરેક માંગનાર માટે **सुरतरुः** કલ્પતરુ **( सुराणाम् तरुः ष.तत्पु. ) प्रत्यम्बुजम् ( अम्बुनि जायते इति - अम्बुजम्, उप. तत्पु. ) ( अम्बुजम् अम्बुजम् प्रति - प्रत्यम्बुजम् अ.भा. )** પ્રત્યેક કમળ માટે **प्रतिकैरवम्** પ્રત્યેક પોયણી (રાત્રિકમળ) માટે **प्रतिलतागुल्मम्** પ્રત્યેક લતા સમૂહ માટે **अम्भोधरः** વાદળ. ( પર્યાય - **पयोधरः, जलधरः, मेघः, वारिदः** )

**3. अध्वनि ( अध्वन् पुं. स.ए.व. )** માર્ગમાં **तरवः** વૃક્ષો **पथि ( पथिन् पुं. स. ए.व. )** માર્ગમાં **पथिकैः** વટેમાર્ગુ **उपास्यते ( उप + आस् कर्म. व. अ.ए.व. )** આશ્રય લેવાય છે **विटपी** વૃક્ષ **अध्वगः ( अध्वानं गच्छति इति अध्वगः - उप. तत्पु. )** વટેમાર્ગુ, યાત્રી, મુસાફર **गृहगतः ( गृहं गतः -द्वि. तत्पु. )** ઘરે પહોંચેલ.

**4. शैत्यम्** શીતળતા **नाम** એ નામનું, નામે **सहजः** અમુક વસ્તુની સાથે જન્મેલું, સ્વાભાવિક **स्वाभाविकी** કુદરતી, સ્વાભાવિક **स्वच्छता** નિર્મળતા **ब्रूमः ( ब्रू** બોલવું, કહેવું **व. उ. ब.व. )** બોલીએ, કહીએ. **शुचिताम्** પવિત્રતાને **शुचयः ( शुचि स्त्री. प्र. ब.व. )** પવિત્ર, સ્વચ્છ, શુદ્ધ **किम्** શું (પ્રશ્નાર્થ) **वातः ( वा अतः )** અથવા તો **उच्यते ( वच्** કહેવું **कर्म. व. अ. ए.व. )** કહે છે. **स्तुतिपदम् ( स्तुतेः पदम् - ष.तत्पु. )** વખાણવા લાયક પદ **देहिनाम् ( देहिन् ष.ब.व. )** દેહધારીઓનું, પ્રાણીઓનું **नीचपथेन ( नीचः चासौ पन्थाः, तेन - कर्म. )** ઢળતા માર્ગે, નીચ-ખરાબ રસ્તે **निरोद्धुम् ( नि + रुध्** રોકવું **तुम् हे.कृ. )** રોકવા માટે **क्षमः** સમર્થ.

**5. निरर्थकम्** નિષ્પ્રયોજન, નકામું **गतम्** પામ્યું **नलिन्याः ( नलिनी स्त्री. ष. ए.व. )** (દિવસની) કમળવેલનો ( પર્યાય - **नलिनी, कमलिनी, सरोजिनी, अम्भोजिनी ) यया** જેના દ્વારા **तुहिनांशुबिम्बम् ( तुहिनांशोः बिम्बम् - ष.तत्पु. )** ચંદ્રબિંબ **इन्दोः ( इन्दु पुं. ष. ए.व. )** ચંદ્રના ( પર્યાય - **चन्द्रः, तुहिनांशुः, निशाकरः, राकेशः ) दृष्टा ( दृश्** જોવું + **क्त क.भू.कृ. )** જોઈ **प्रफुल्ला** ખીલેલી **नलिनी** કમલિની.

**6. लाङ्गूलचालनम् ( लाङ्गूलस्य चालनम् - ष.तत्पु. )** પૂંછડી પટપટાવવી તે **चरणावपातम् ( चरणयोः अवपातम् - स.तत्पु. )** પગમાં પડવું, આળોટવું **निपत्य ( नि + पत्** નીચે પડવું **क्त्वा > य सं.भू.कृ. )** નીચે પડીને **वदनोदरदर्शनम् ( वदनञ्च उदरञ्च - इ.द्व., वदनोदरयोः दर्शनम् - ष.तत्पु. )** મોઢું તથા પેટ બતાવવું **श्वा ( श्वन् पुं. प्र. ए.व. )** કૂતરું

**पिण्डदस्य ( पिण्डम् ददाति, तस्य - उप.तत्पु. )** ખોરાકનો ટૂકડો આપનાર **कुरुते ( कृ** કરવું **व. अ. ए.व. )** કરે છે. **गजपुङ्गवः ( गजेषु पुङ्गवः - स.तत्पु. )** શ્રેષ્ઠ હાથી **धीरम्** ધીરતાપૂર્વક (ક્રિયાવિશેષણ) **विलोकयति ( वि + लोक्** જોવું **व. अ. ए.व. )** જુએ છે. **चाटुशतैः** અતિશય વહાલભર્યાં વચનોથી, લાડ-પ્યારથી **भुङ्क्ते ( भुज् व. अ. ए.व. )** ભોજન કરે છે. ખાય છે.

## સન્ધિ

वितरिष्यतीति (वितरिष्यति इति)। किमम्भोधरः (किम् अम्भोधरः)। स कोऽपि (सः कः अपि)। अध्वगो गृहगतः (अध्वगः गृहगतः)। तवास्ति (तव अस्ति)। यस्यापरे (यस्य अपरे)। वातः (वा अतः)। यज्जीवनम् (यत् जीवनम्)। चेन्नीचपथेन (चेत् नीचपथेन)। कस्त्वाम् (कः त्वाम्)। उत्पत्तिरिन्दोरपि (उत्पत्तिः इन्दोः अपि)। निष्फलैव (निष्फला एव)। गजपुङ्गवस्तु (गडपुङ्गवः तु)। चाटुशतैश्च (चाटुशतैः च)।

## સ્વાધ્યાય

**1. यथास्वं विकल्पम् चित्वा लिखत।**

(1) …………… ते नाग शीर्षाणि।

(क) यति (ख) यदि (ग) तति (घ) तर्हि

(2) यति शीर्षाणि तति ……………।

(क) नागाः (ख) वेदनाः (ग) सुखानि (घ) शीर्षाणि

(3) प्रत्यम्बुजं किम् ?

(क) शशी (ख) रविः (ग) रामः (घ) कृष्णः

(4) कीदृशी स्वच्छता ?

(क) स्वाभाविकी (ख) परकीया (ग) मध्यमा (घ) अस्वाभाविकी

(5) कस्य उत्पत्तिः निष्फला ?

(क) नलिन्याः (ख) इन्दोः (ग) सवितुः (घ) निशायाः

**2. अधोलिखितानां प्रश्नानाम् उत्तराणि संस्कृतभाषया लिखत।**

(1) कस्य समीपे बहूनि शीर्षाणि सन्ति ?

(2) प्रति याचकं किं न भवति ?

(3) अध्वनि अध्वनि किम् ?

(4) शैत्यं कस्य सहजः गुणः भवति ?

(5) कस्य जन्म निरर्थकं गतम् ?

(6) लाङ्गूलचालनं कः करोति ?

**3. સસંદર્ભ સમજાવો :**

(1) एकः कर्णमहीपतिः प्रतिदिनम् लक्षाधिकाः याचकाः।

(2) यमध्वगो गृहगतः स्मरति।

(3) चाटुशतैः च भुङ्क्ते।

**4. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) મસ્તક અને વેદના વિશે કવિ શું કહે છે ?

(2) કર્ણની દાનક્ષમતાને કવિ કઈ રીતે સમજાવે છે ?

(3) પાણી શા માટે ઉત્તમ છે ?

(4) વૃક્ષ શા માટે ધન્ય છે ?

(5) હાથી અને કૂતરા વચ્ચે શો ભેદ છે ?

**5. વિવરણાત્મક નોંધ લખો :**

(1) सुरतरुः।

(2) लाङ्गूलचालनम्।

**6. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) પાણીના ગુણ અને અવગુણ

(2) ચંદ્ર અને કમળની અન્યોક્તિ

(3) હાથી અને કૂતરાની અન્યોક્તિ

•